## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



લો ભોગવો હવે... હું તો તમને કાયમ કહેતો કે સંસારમાં રહેવામાં ફાયદો નથી...!!

# ગરવી ગુર્જરી-આંતરરાષ્ટ્રીય બાયરસેલર મીટનો ભવ્ય પ્રારંભ

ગાંધીનગર, તા. ૪

ગુજરાતની વિવિધ હસ્તકળાઓને દુનિયાભરમાં પ્રસિદ્ધિ અને ઓળખ મળે તે હેતુથી ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકળા વિકાસ નિગમ દ્વારા ગરવી ગુર્જરી-આંતરરાષ્ટ્રીય બાયર સેલર મીટ-૨૦૧૯ને મહાત્મા મંદિર ખાતે પ્રારંભ થયો છે.

ગુજરાત હાથશાળ અને હસ્તકલાનો સમૃદ્ધ વારસો ધરાવે છે. ઔદ્યોગિકરણના આ સમયમાં, ગુજરાતના કારીગરો તેમની પરંપરાઓ અને વારસાગત કલા સાથે જોડાયેલા છે. આજના ઝડપી યુગમાં વર્ષોથી ચાલી આવતા હાથશાળ અને હસ્તકલાના આ વારસાને જીવંત રાખીને વિકાસપથ પર લઈ જવા માટે ગુજરાત સરકાર પ્રતિબદ્ધ છે.

રાજ્યની કલાકૃતીઓનું ઉત્પાદન, ગુણવત્તા તેમજ માર્કેટીંગને વેગ આપવા માટે ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા નિગમ દ્વારા નિયમીતપણે ગુજરાતના હાથશાળ અને હસ્તકલા કારીગરો માટે તાલીમ કાર્યક્રમો યોજાય છે. સાથે સાથે દેશભરમાં ગરવી ગુર્જરીના ૨૫ જેટલા ખાસ વેચાણ કેન્દ્રો સ્થાપીને રાજ્યના કારીગરો અને કલાકારોના ઉત્પાદનોનું વેચાણ કરવાની સુવિધા ઉભી કરવામાં આવી છે. ગરવી ગુર્જરીના ઓનલાઈન પોર્ટલ દ્વારા પણ આ ઉત્પાદનોનું વેચાણ થઈ રહ્યું છે.

આ આયોજનમાં જયારે ભારતના ૨૦૦થી વધુ અને વિદેશના ૧૦૦થી વધુ ખરીદદારો હાજર છે ત્યારે ગુજરાતના કારીગરો અને કલાકારો માટે પોતાની સર્જનાત્મક ચીજવસ્તુઓને ગુજરાત બહાર દેશ-વિદેશમાં વેચવા માટે આ એક સુવર્ણ તક મળી રહેશે. જેથી કારીગરો ભારત અને વિદેશના ખરીદદારો સાથે સીધો સંપર્ક સાધી શકે અને પોતાના ધંધાનો વ્યાપ દુનિયાભરમાં ફેલાવી શકે.

ગુજરાત હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમના ચેરમેન શંકરભાઈ દલવાડીના હસ્તે ૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે આ આંતરરાષ્ટ્રીય બાયર સેલર મીટનું ભવ્ય ઉદ્‌ઘાટન થયું. જેમાં ગુજરાત સરકારના કુટિર તથા ગ્રામિણ ઉદ્યોગોના સચિવ સંદિપકુમાર, આઈએએસ તથા ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમના મેનેજીંગ ડિરેક્ટર એ.કે. ઝા, આઈએફએસ હાજર રહ્યા હતા. આ બાયર સેલર મીટના ભાગરૂપે, ગુજરાતના સમૃદ્ધ હસ્તકલાને પ્રદર્શિત કરતા એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૬ તથા ૭ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦ થી સાંજે ૬ દરમ્યાન જાહેર જનતાને નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે.



# ભારત કે મન કી બાત મોદી કે સાથ અભિયાન આજથી


પ્રદેશ પ્રવકતા ભરત પંડયાએ જણાવ્યું હતું કે, ગઈકાલે તા.૦૩ ફેબ્રુઆરીના રોજ દિલ્હી ખાતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ અને કેન્દ્રીય મંત્રી રાજનાથસિંહની ઉપસ્થિતિમાં ભારત કે મન કી બાત - મોદી કે સાથ અભિયાનનું લોચીંગ કરવામાં આવ્યું હતું. તેના સંદર્ભમાં આવતીકાલે તા.૦૫ ફેબ્રુ,ના રોજ ગુજરાતમાં પણ ‘‘ભારત કે મન કી બાત - મોદી કે સાથ અભિયાનનો પ્રારંભ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીની ઉપસ્થિતિમાં પ્રદેશ કાર્યાલય, શ્રી કમલમ ખાતે સવારે ૧૧/૦૦ કલાકે ગુજરાતની ૨૬ લોકસભામાં ૨૬ રથનું પ્રસ્થાન દ્વારા કરવામાં આવશે. પંડયાએ વધુમાં જણાવ્યું હતું કે, ભાજપ હમેશાં પ્રજાની વચ્ચે, પ્રજાની પડખે ઊભો રહેતો હોય છે. આ કાર્યક્રમ દ્વારા લોકોના મનની વાત સાંભળીને તેમાં ૧૨ પ્રકારના વિષયો માટે સૂચનો લેવામાં આવશે અને આ સૂચનો એ નયા ભારતની નિર્માણ માટે ભાજપના સંકલ્પ પત્રમાં આધાર બનશે. કોઈપણ રાષ્ટ્રનાં ભવિષ્યની રૂપરેખા તૈયાર કરવા માટે વિશ્વનો સૌથી મોટો જનભાગીદારીનો આ પ્રયાસ કરશે.

# કોબા ગામનો ૧૬ વર્ષીય કિશોર નદીમાં ડૂબી ગયો

**ફાયર બ્રિગેડની ટીમ અને બહીયલના તરવૈયાઓની ટીમ દ્વારા ત્રણ દિવસથી ચાલી રહેલી શોધખોળ બાદ પણ કિશોરનો પત્તો લાગતો નથી : નદીની અંદર ખાડામાં ખુંપી ગયો હોવાની આશંકા**

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક આવેલા કોબા ગામમાં રહેતો ૧૬ વર્ષીય કિશોર ગામ પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં શનિવારે ડૂબી ગયો હતો. નદીમાં હાથ-પગ ધોવા ગયેલા આ કિશોરનાં પગ લપસી જતા નદીનાં પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. ડૂબી ગયેલા કિશોર અંગે તાત્કાલિક ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ કરી બોલાવી લેવામાં આવતા ફાયર બ્રિગેડની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને નદીમાં



શોધખોળ શરૂ કરી હતી પરંતુ ડૂબી ગયેલા કિશોરનો કોઈ પત્તો ન લાગતા પરિવારજનોએ બહીયલના તરવૈયાઓની ટીમ બોલાવી લીધી હતી. ત્રણ દિવસથી નદીમાં ડૂબી ગયેલા કિશોરની શોધ ખોળ ચાલી રહી છે પરંતુ હજુ સુધી નદીમાથી તેની ભાળ મળી આવી નથી. નોંધનીય બાબત એ છે કે નદીમાં બેરોકટોક ચાલી રહેલા રેતીખનનને પગલે ઠેર ઠેર ઉંડા ખાડાઓ થઈ ગયા છે જેમાં કેટલાય યુવાનો અત્યાર સુધી ડૂબી ગયા હોવાના અહેવાલ છે. આ કિશોર પણ આવા જ એક ખાડામાં ગરકાવ થઈ ગયો હોય અને અંદર ખૂંપી ગયો હોય તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે.

# શહેરમાં તરખાટ મચાવનાર બાઈક ચોર ઝડપાયો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરમાં અને સિવિલ કેમ્પસમાંથી અનેક બાઈકની ઉઠાંતરી થવા પામી છે. બાઈક ચોર માટે સિવિલ કેમ્પસ સોફટ ટાર્ગેટ બની ગયું હતું. શહેરમાં છાશવારે થઈ રહેલી બાઈક ચોરીને પગલે પોલીસ પણ હેરાન પરેશાન થઈ ગઈ હતી.જયારે પોલીસના સઘન પેટ્રોલીંગ વચ્ચે પણ બાઈક ચોર હાથમાં ન આવતા પોલીસ કર્મચારીઓને પણ પરસેવો વળી ગયો હતો. ત્યારે શહેરમાં બાઈક ચોરીમાં આંતક ફેલાવનાર ચોર સિવિલ કેમ્પસમાં ફરજ બજાવતા કર્મચારીની સતર્કતાથી ઝડપાયો છે. ત્યારે પોલીસે ચોરની પુછતાછમાં શહેરમાંથી ૯ અને અમદાવાદથી ૫ મળી કુલ ૧૪ બાઈક ચોરીનો ભેદ ઉકેલાયો છે.

પોલીસ દ્વારા મળતી વિગત મુજબ છેલ્લા કેટલાક સમયથી સિવિલ કેમ્પસમાં વાહનચોરોએ આંતક મચાવ્યો હતો. સિવિલમાંથી આંતરે દિવસે વાહનચોરીના બનાવો બની રહ્યા હતા. સીસીટીવીની નજર અને પોલીસના પહેરા વચ્ચે પણ ચોર પોતાની કળા કરી ચોરી કરી પલાયન થઈ જતા હતા. ત્યારે સિવિલમાંથી જે વ્યકિતઓના વાહનચોરી થયા હતા. તેમાં ડોક્ટર તેમજ કેટલાક કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે. જેને પગલે વાહનમાલિકોએ સીસીટીવી ફુટેજ પોતાના મોબાઈલમાં મેળવી લીધા હતા. ત્યારે ગેપ લખેલુ જેકેટ અને મોં પર રૂમાલ બાંધીને ચોર ફરતો હતો. તે સમયે વધુ એક બાઈકની ઉઠાંતરીના નિર્ણય સાથે ચોર આવ્યો હતો. પરંતુ આ શખ્સ પર વાહન માલિકનું ધ્યાન પડ્યું હતું. તેની હિલચાલ પર નજર રાખી હતી, ત્યારબાદ તે શખ્સ શંકાસ્પદ લાગતા જાગૃત કર્મચારીએ તુરંત પોલીસને કોલ કર્યો હતો. ડી સ્ટાફ પોલીસ તાત્કાલીક કેમ્પસ ખાતે આવી પહોંચી હતી અને ચોરને ઝડપી લીધો હતો. છેલ્લા ઘણા સમયથી સિવિલ કેમ્પસ અને શહેરમાંથી વાહન ચોરી કરતો આરોપી અજયગીરી દિનેશગીરી ગોસ્વામી માણસા તાલુકાના ચડાસણા ગામનો છે. પોલીસે આરોપીની પુછતાછ કરતા સે-૭ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ૭, ઈન્ફોસીટીમાંથી ૧, સે-૨૧ માંથી ૧ અને સોલા પોલીસ મથક વિસ્તારમાંથી ૩ અને અન્ય બે સાથે મળીને કુલ ૧૪ બાઈક ચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો છે.



# રાષ્ટ્રપિતા ગાંધીના પૂતળા સાથે ક્રૂરતાપૂર્વકનું વર્તન નિંદનીય છે

પ્રદેશ પ્રવકતા ભરત પંડયાએ જણાવ્યું હતું કે, ગાંધીજીના પૂતળા સાથે ક્રૂરતાપૂર્વક વ્યવહાર કરવાના જે દશ્યો સોશીયલ મિડીયામાં આવ્યાં છે. તે અતિ અતિ નિંદનીય છે. તેને ભાજપ સખ્ત શબ્દોમાં વખોડી કાઢે છે. ગાંધીજીનું આ પ્રકારનું અપમાન ભાજપ, ગુજરાત, દેશ કયારેય સહન કરશે નહીં. સત્ય, પ્રેમ, અહીંસાના ગાંધીજીના વિચારો એ શાશ્વત છે. દુનિયાએ સ્વીકાર્યાં છે. ત્યારે આ પ્રકારની માનસિક વિકૃતિ પ્રદર્શિત કરીને ધૃષ્ટતા કરનાર લોકોને સજા મળવી જોઈએ. મળતી માહિતી મુજબ યુ.પી.સરકારે તે લોકોની ધરપકડ કરીને કાર્યવાહી હાથ ધરી છે. કોંગ્રેસના ધરણાં સામે પ્રત્યાઘાત આપતાં પંડયાએ જણાવ્યું હતું કે, ગાંધીજી અને ગાંધી વિચારની વાત કોંગ્રેસને શોભતી નથી. કોંગ્રેસે હંમેશા ગાંધીજીના નામનો ઉપયોગ કર્યો છે. પરંતુ કયારેય ગાંધી વિચારનો અમલ કર્યો નથી. ગાંધીજીના સત્ય, પ્રેમ, અહીંસા, સ્વચ્છતા, ગૌવંશ હત્યા પ્રતિબંધ અને કોંગ્રેસને વિખેરી નાખવાનાં વિચારોનો અમલ કોંગ્રેસે કર્યો નથી. ગાંધીજીએ ગૌવંશ હત્યા પર પ્રતિબંધ મુકવાના સખ્ત હિમાયતી હતાં.

# ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના આયોજીત એકતાયાત્રાનું ચિલોડા ખાતે ઉષ્માભર્યુ સ્વાગત

ચિલોડા, તા. ૪

ગાંધીનગર જિલ્લા ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા આયોજિત એકતાયાત્રામાં ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રદેશ પ્રમુખ અને રાધનપુરના ધારાસભ્ય અલ્પેશજી ઠાકોરનું તાલુકાના પ્રવેશદ્વાર સમા મુખ્ય જંકશન મથકે એકતાયાત્રાનું ફુલહારથી આતશબાજીથી નારા સાથે ઉષ્માભર્યુ સ્વાગત ક્ષત્રિય ઠાકોર સેનાની બાળાઓએ કુમકુમ તિલક કરી અભિવાદન કર્યુ હતુ. આ એકતાયાત્રાના સ્વાગતમાં ચિલોડા, મગોડી, ઈસનપુર, મહુન્દ્રા, આલમપુર, ગામોના ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. આ એકતાયાત્રામાં ૪થી ફેબ્રુઆરી જિલ્લાના ખાત્રજ, શેરિસા, પિયજ બોરીસણા, કલોલ સિટી, મટવાકૂવા, તેરસાપરા, ધમાસાણ, સરઢવ, રૂપાલ, રાંધેજા, પેથાપુર ચોકડી સેક્ટર-૨૮ સર્કલ, સેક્ટર-૩૦ સર્કલ, આલમપુર, ચિલોડા અંતે ડભોડા ખાતે એકતાયાત્રાનું ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરો, યુવાનો, મહિલાઓએ ભવ્ય સ્વાગત કરી એકતાયાત્રામાં જોડાયા હતા. આમ એકતાયાત્રામાં અલ્પેશજીની બસમાં મુસાફરી સાથે અનેક વાહનો જોડાતાં ચિલોડા ખાતે સ્વાગતમાં મોટી સંખ્યામાં કાર્યકરો જોડાતાં સભારૂપે લોકો ઉમટી પડ્યાં હતા.



આ એકતાયાત્રામાં ચિલોડા ખાતે ડે. સરપંચ જયંતિભાઈ પટેલ, તાલુકા સદસ્યના પ્રતિનિધિ બિરેન પટેલ, નટુભાઈ પટેલ, તેમજ ક્ષત્રિય ઠાકોર સેનાના અગ્રણી દિલિપસિંહ ઠાકોર, તખતસિંહ ઠાકોર સહિત મોટી સંખ્યામાં ઠાકોર સેનાના કાર્યકરોએ અબીલ ગુલાલ ઉડાડી નારા લગાડ્યા હતા. ત્યારબાદ ડભોડા ખાતે મહાસભા માટે એકતાયાત્રાનું પ્રસ્થાન કર્યુ હતુ.

## ગાંધીનગર સમાચારના પત્રકાર દર્શન મારૂના પિતાશ્રીનું દુઃખદ અવસાન

ગાંધીનગર સમાચારના પત્રકાર દર્શન મારૂના પિતાશ્રી ચંદ્રકાંત નારણભાઈ મારૂનું આજે તા. ૪થી ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ દુઃખદ નિધન થવા પામ્યું છે. સ્વર્ગસ્થનું બેસણુ આગામી તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૨૦૧૯ને બુધવારે સવારે ૯ થી ૧૧ કલાક દરમ્યાન તેમના નરોડા ખાતેના નિવાસસ્થાને રાખવામાં આવ્યું છે. તેમના નિવાસસ્થાનનું સરનામુ ફ્લેટ નંબર-૩૬, એવન બ્લોક, તક્ષશિલા રેસીડેન્સી, નરોડા-દહેગામ રોડ, નરોડા-મુક્તિધામ નજીક, નરોડા છે.




## લાયોનેસ કલબ આયોજિત સર્વરોગ નિદાન કેમ્પમાં ૧૫૦૦ દર્દીની તપાસ

ગાંધીનગરના લાયોનેસ કલબ તથા ભારત વિકાસ પરિષદના સહયોગથી સરદારપુર ખાતે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં ૧૪૦૦ જેટલા દર્દીઓની તપાસ થઈ હતી અને ૮૦૦ જેટલા દર્દીઓને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પ દરમિયાન દવા વિતરણ, ડાયાબીટીસ, બી.પી., હાડકાના રોગ, બાળકોના રોગ, દાંતના રોગના દર્દીઓનું ચેકઅપ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પ્રમુખ ડિમ્પલબેન દેસાઈ, મંત્રી પ્રિતીબેન શર્મા તથા પૂર્વપ્રમુખ મમતાબેન રાવલ, વૈશાલીબેન જોષી અને વાઈસ પ્રેસિડન્ટ દક્ષાબેન જાદવ તથા બોર્ડ મેમ્બર ગીતાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં પ્રભુદાસભાઈ પટેલના પરિવારના સભ્યો, ભારત વિકાસ પરિષદના ચતુરભાઈ અને ઉર્વિશભાઈની ટીમ તથા મેડીકલ ટીમના ડોકટરોનો વિશિષ્ટ સહકાર સાંપડયો હતો.

# અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસ ખાતે વિકાસકાર્યોનું નિરીક્ષણ કરતાં નાયબ મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૪

ગુજરાત સરકારે અનેકવિધ વિકાસલક્ષી તથા જનકલ્યાણલક્ષી કામો કર્યા છે અને ગુજરાતની જનતાને લાભાન્વિત પણ કરવામાં આવી છે, તેમ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસ ખાતે નવનિર્મિત વિકાસકાર્યોનું નિરીક્ષણ કરતાં જણાવ્યું હતું.

ગુજરાત સરકારનો અભિગમ રહ્યો છે કે, ગુજરાતના લોકોને અદ્યતન સાધનોથી સુસજ્જ આરોગ્ય કલ્યાણલક્ષી સેવાઓ નજીવા દરે અને દવાઓ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે. એશિયાની સૌથી મોટી સિવિલ હોસ્પિટલમાં ગુજરાત જ નહીં પણ અન્ય રાજ્યોના દર્દીઓ પણ આરોગ્ય સેવાનો લાભ લેવા આવે છે.

આ માનવસેવાના કાર્યને વિકસિત કરવા માટે સિવિલ હોસ્પિટલમાં ૧૧૦ એકરના કેમ્પસમાં તમામ પ્રકારના નિદાન, તપાસ, સારવાર અદ્યતન સાધન સુવિધા સાથે ઉપલબ્ધ કરાવવા રૂા. ૧૪૫૦ કરોડના ખર્ચે 'મેડી સીટી' તૈયાર કરવામાં આવી રહ્યું છે. એમાં હાર્ટ, કિડની, આંખ, ડેન્ટલ, કેન્સર જેવા અનેક સ્પેશ્યાલિસ્ટ વિભાગોના બિલ્ડિંગ અદ્યતન સાધનોથી સજ્જ કરવામાં આવ્યા છે. આ જ કેમ્પસમાં મેડિકલ, પેરામેડિકલ કોલેજ પણ કાર્યરત છે. કેમ્પસમાં હજ્જારો મેડિકલ, પેરામેડિકલ સ્ટાફ તથા વિદ્યાર્થીઓ ખડેપગે સારવાર આપી રહ્યા છે. અહીં સારવાર માટે આવનારા દર્દીઓ તથા તેમના સગાઓને રહેવા-જમવાની સુવિધા ઉપલબ્ધ ધરાવવામાં આવશે તેમ જણાવી નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, દર્દીઓના સગાઓને કેમ્પસમાં અવર-જવર માટે સગવડ મળી રહે તે માટે ચાર મીની બસો પણ પરિવહન કરશે.

નીતિનભાઈ પટેલે વધુમાં જણાવ્યું કે, આવનારા દિવસોમાં આ અદ્યતન ન્યુ સિવિલ હોસ્પિટલને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે જાહેર જનતાને સમર્પિત કરાશે. ન્યુ સિવિલ હોસ્પિટલની મુલાકાત લઈ નાયબ મુખ્યમંત્રીએ આરોગ્યલક્ષી સેવાની તમામ વિભાગોની ચકાસણી કરી વિસ્તૃત જાણકારી મેળવી હતી.

આ પ્રસંગે આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ પૂનમચંદ પરમાર, આરોગ્ય કમિશનર શ્રીમતી જયંતિ રવિ, સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. પ્રભાકર, આરોગ્ય વિભાગના અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.





આર ટી ઓ કચેરીમાં આજે માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી અન્વયે આજે એક કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ આ દરમિયાન નાગરિકોને હેલ્મેટ તેમજ સીટ બેલ્ટ પહેરવા માટે જાગૃત કરી વિવિધ ટ્રાફિક નિયમનનુ પાલન કરવા માટે પણ સમજણ પુરી પાડવામાં આવી હતી. મંગળવારે પણ સચિવાલયના ગેટનં -૧૦ પાસે માર્ગ સલામતી જનજાગૃતિનો કાર્યક્રમ યોજવામાં આવશે.

**ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, હિંમતનગર વિભાગ**

**જાહેર નિવિદા નં. ૧૮ (૨૦૧૮-૧૯)**

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, બાંધકામ ખાતુ, વિભાગીય કચેરી, હિંમતનગર વિભાગના જુદા જુદા ૧૦ બસ સ્ટેશનો પર હાઉસ કીપીંગની તથા શૌચાલયની જાળવણી તથા સારસંભાળની કામગીરી કરવા માટે આવા ક્ષેત્રમાં કામ કરતી રજીસ્ટર્ડ સ્વૈચ્છિક સંસ્થાઓ, ચેરીટી કમિશનરશ્રીની કચેરીનું બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ હેઠળ તેમજ રેલવે, એરપોર્ટ, કોર્પોરેશન, મોટી હોસ્પિટલ, બસ સ્ટેશન, મ્યુ. કોર્પોરેશન, સરકારી - અર્ધ સરકારી કચેરીઓ ખાતે કામગીરી કરેલ હોય તેવો ઓછામાં ઓછો પાંચ (૫) વર્ષનો અનુભવ ધરાવતી કામ કરતી તેમજ પી.એફ., લાયસન્સ, ઈ.એસ.આઈ. સર્ટી, જી.એસ.ટી. નંબર ધરાવતી એજન્સી પાસેથી જે તે બસ સ્ટેશન / કન્ટ્રોલ પોઈન્ટ માટે અલગ અલગથી નિયત ટેન્ડર નમુના મુજબ દર્શાવેલ વિગતે ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ભાવપત્રકો મંગાવવામાં આવે છે. નિવિદામાં નિર્દેશ કરેલ નિતિનિયમોમાં બંધ બેસતી એજન્સીઓએ જ સદરહુ કામગીરીના ટેન્ડરો ભરવાના રહેશે. વિસ્તૃત માહિતી માટે વેબસાઈટ www.nprocure.com પરથી મળી શકશે. આ અંગેના ટેન્ડરો www.nprocure.com પરથી તા. ૪/૨/૧૯ થી તા. ૧૨/૨/૧૯ સુધી ડાઉનલોડ કરી શકાશે. ડોક્યુમેન્ટ હાર્ડકોપીમાં પહોંચતા કરવાની તારીખ ૧૩/૨/૧૯ થી તા. ૧૪/૨/૧૯ છે. સંજોગો વશાત સદર નિવિદામાં સુધારા વધારા કરવાના થશે તો તેની માહિતી www.nprocure.com ઉપર મુકવામાં આવશે.

માહિતી/હિંમત/૫૬૧/૧૯

વિભાગીય નિયામક
એસ.ટી. હિંમતનગર